## બિનસરકારી અનુદાનિત માધ્યમિક – Waiting શાળા ફાળવણી થયેલ ઉમેદવારો માટે શાળા ફાળવણી પત્ર ડાઉનલોડ કરવા અંગેની સુચનાઓ

- બિનસરકારી અનુદાનિત માધ્યમિક શિક્ષણ સહાયક ભરતી પ્રક્રીયા- Waiting અન્વયે માધ્યમવાર, વિષયવાર, કેટેગરીવાર ઉપલબ્ધ ખાલી જગ્યાઓ સામે ઉમેદવારો દ્વારા અપાયેલ શાળા પસંદગી તથા મેરીટના આધારે ઉમેદવારોને તેઓની પસંદગીની શાળા ફળવાયેલ છે જેની વિગતો વેબસાઈટ www.gserc.in પર મુકવામાં આવેલ છે. તેમજ સંબંધિત ઉમેદવારોને આ અંગેની SMS થી જાણ કરેલ છે.
- શાળા પસંદગી ન આપનાર અને મર્યાદિત શાળા પસંદગી ઉમેદવારો ભરતી પ્રક્રીયા અન્વયે પોતાનો હક્ક જતો કરવા ઇચ્છે છે તેમ માની તેઓને ભરતી પ્રક્રીયામાંથી બાકાત કરવામાં આવેલ છે જેની સંબંધિતોએ ખાસ નોંધ લેવી.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ તા.૨૨/૦૩/૨૦૨૨ ના રોજ બપોરે ૦૩.૩૦ કલાકથી તા.૨૮/૦૩/૨૦૨૨ના રોજ સવારે ૧૧.૦૦ કલાક દરમ્યાન વેબસાઈટ પરથી પોતાનો શાળા ફાળવણી પત્ર મેળવવાનો રહેશે.
- સદર પ્રક્રિયા SCA No. 3578/2021,5784/2021,3226/2021, 4887/2021, 13619/2021 તથા અન્ય ભરતી સંબંધિત કોર્ટ કેસોના અંતિમ ચુકાદાને આધિન રહેશે તથા આ ચુકાદાઓ ઉમેદવારોને બંધનકર્તા રહેશે.
- ઓનલાઈન શાળા ફાળવણી પત્ર મેળવવા માટે, ....................................
  - ઓનલાઇન શાળા ફાળવણીપત્ર મેળવવા માટે ઉમેદવારો જે રીતે ઓનલાઇન જિલ્લા પસંદગી અને શાળા પસંદગી માટે લોગઇન થયા હતા તે જ રીતે લોગઇન થવાનુ રહેશે.
  - ઉમેદવાર વેબસાઈટ www.gserc.in પર જઈ **Apply for Secondary Grant-in-aid** વિકલ્પ ક્લીક કરવાનો રહેશે.
  - જે ક્લીક કરતા ખૂલેલ ચેકબોક્સમાં ઉમેદવારે પોતાનો ટાટ નંબર, જન્મતારીખ,પાસવર્ડ અને ફિક્સ Captcha Code નાખી લોગઈન થવાનું રહેશે.
- શાળા ફાળવણી થયેલ ઉમેદવારોએ શાળા ફાળવણી પત્રમાં દર્શાવ્યા મુજબ તારીખ, સમયે અને સ્થળે પોતાનો ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા હાજર રહેવાનુ રહેશે.
- જિલ્લા કક્ષાએ સૂચવેલ સમયે અને તારીખે ગેરહાજર રહેનાર ઉમેદવાર નિમણુક માટે હક્દાર રહેશે નહીં અને આ અંગે ઉમેદવારની કોઇપણ લેખિત કે મૌખિક રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં.
- ઉમેદવારે જિલ્લા મથકે પોતાના શાળા ફાળવણી પત્રની નકલ, તમામ અસલ પ્રમાણપત્રો/ગુણ પત્રકો/ દસ્તાવેજો તથા તેની સ્વપ્રમાણિત નકલ સાથે ઉપસ્થિત રહેવાનુ રહેશે.
- જો ઉમેદવાર COVID-19 પોઝીટીવ હોય/ક્વોરન્ટાઈન/કન્ટેન્ટમેન્ટ ઝોનમાં હોય તો ઉમેદવારે સૂચવેલ સમયે અને સ્થળે તમામ આનુસંગીક આધારો સહ ભલામણ પત્ર અને નિમણૂક હુકમ મેળવવા માટે અન્ય કોઈ વ્યક્તિને પોતાનો ઓથોરીટી લેટર આપી હાજર રાખવાના રહેશે તદનુસાર શાળામાં હાજર થવાની તારીખમાં પણ છૂટછાટ મેળવવા જિલ્લા કક્ષાએ જરૂરી પ્રક્રીયા કરવાની રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017ના ઠરાવ ક્રમાંક પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે જે ઉમેદવાર સરકારી અથવા ગ્રાન્ટ-ઈન-એઈડ માધ્યમિક શાળામાં સેવા બજાવતા હોય અને પોતાની નિમણૂંકની તારીખથી ૦૩ વર્ષનો સમયગાળા પહેલા રાજીનામુ આપી સદર શાળા ફાળવણીથી નવી નિમણૂંકમાં જોડાવા ઈચ્છતા ઉમેદવારે રૂ. 3,00,000/- (ત્રણ લાખ) રાજ્ય સરકારમાં જમા કરાવવાના રહેશે.

- જે ઉમેદવારો હાલ સરકારી/ગ્રાન્ટેડ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચત્તર માધ્યમિક શાળામાં કાર્યરત શિક્ષકો હોય "તેઓ સદર ભરતી પ્રક્રીયા અન્વયે તેઓને મેરીટ કમ પ્રેફરન્સના ધોરણે ફાળવવામાં આવેલ આ શાળામાં જો હાજર નહીં થાય તો બાળકોના શૈક્ષણિક કાર્ય સુધારણાના હેતુ થી સરકારશ્રી દ્વારા હાથ ધરવામાં આવેલ ભરતી પ્રક્રીયાની સુચારૂ કાર્યવાહીમાં અવરોધ ઉભો કરવા તેમજ બેરોજગાર ઉમેદવારોને રોજગારીની તકથી વંચિત રાખી સરકારશ્રીના શિક્ષિત નાગરીકોને રોજગારી પુરી પાડવાના લક્ષમાં અવરોધ ઉભો કરવા બદલ તેઓ પોતાના માસિક પગાર માંથી ૫,૦૦૦/- રૂ. ૪૦ માસ માટે એમ કુલ ૨,૦૦,૦૦૦/- રૂ. સરકારશ્રીના સંબંધિત સદરે જમા કરાવવાના રહેશે.
- શિ.વિ.ના તા.22/03/2017 ના ઠરાવ ક્રમાંક-પી.આ.ઇ./1/2017/સિંગલ ફાઇલ-6-ક ની જોગવાઇ અન્વયે ઉમેદવારે ફરજિયાતપણે 300/- રૂ.ના સ્ટેમ્પ પેપર પર નિયત નમૂનામાં જામીનખત ભલામણ પત્ર મેળવતા સમયે રજૂ કરવાનો રહેશે.જે ઉમેદવારને બંધનકર્તા રહેશે.(જામીનખત નો નમૂનો વેબસાઇટ પર ઉપલબ્ધ છે).
- ભલામણ પત્ર અને નિમણૂંક હુકમની તમામ શરતો ઉમેદવારને બંધનકર્તા રહેશે.
- નિમણૂંક હુકમ મેળવવા અન્વયે ઉમેદવારોએ પોતાના અસલ ગુણપત્રકો/પ્રમાણપત્રકો ખરાઇ અર્થે સંબંધિત શાળા મંડળને 6 મહિના માટે જમા કરાવવાના રહેશે.
- રાજ્ય બહારની યુનિવર્સીટીમાંથી લાયકાત મેળવેલ ઉમેદવારોના કિસ્સામાં જિલ્લા કચેરી દ્વારા જે તે યુનિવર્સીટીમાંથી ગુણપત્રકો/પ્રમાણપત્રો તેમજ અન્ય જરૂરી આધારોની ખરાઈ બાદ જ ઉમેદવાર નિમણૂંકને હક્કદાર બનશે.
- કોરોના મહામારીની પરિસ્થિતિને ધ્યાને લેતાં જો ઉમેદવાર પોતાના શાળા ફાળવણીપત્રની હાર્ડ કોપી મેળવી શકે તેમ ન હોય તો ઉમેદવાર શાળા ફાળવણીપત્ર પોતાના મોબાઈલમાં ડાઉનલોડ કરી જિલ્લા કક્ષાએ સોફ્ટ કોપીમાં રજૂ કરી શકશે.
- ભલામણ પત્ર અને નિમણૂંક હુકમ મેળવવાના સ્થળે ઉમેદવારોએ કોવીડ-૧૯ના કારણે ફેલાયેલ મહામારી અંતર્ગત સરકારશ્રી દ્વારા આપવામાં આવેલ વખતોવખતની ગાઇડલાઇનનુ ચુસ્તપણે પાલન કરવાનુ રહેશે.
- ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શૈક્ષણિક સ્ટાફ ભરતી પસંદગી સમિતિ આપ સહુનું શિક્ષણ વિભાગમાં સ્વાગત કરે છે અને આપસૌને શિક્ષણ વિભાગના સનિષ્ઠ કર્મયોગી બનવા અંગે શુભકામનાઓ પાઠવે છે.